# 100 વર્ષથી વધુ જૂની સોદાગરવાડની ધ કમર ફ્રી લાયબ્રેરીનું નવિનીકરણ કરાયું



સુરતઃ સોદાગરવાડ સ્થિત એક સદી જૂની ધ કમર ફ્રી લાયબ્રેરીનું નવિનીકરણ કરાયા બાદ તેનું લોકાર્પણ કરાયું હતું. સુરત પટની સુન્નત જમાઅત સંચાલિત લાયબ્રેરીનું નવીનીકરણ કે.પી. હ્યુમન ફાઉન્ડેશન દ્વારા કરાયું છે. કેપી હ્યુમન ફાઉન્ડેશનના ડૉ. ફારૂક પટેલ દ્વારા ઉદ્ઘાટન કરાયું હતું. આ લાયબ્રેરીમાં ગુજરાતી, ઉર્દુ અને અંગ્રેજી ભાષામાં સેંકડો પુસ્તકો છે. આ પ્રસંગે પટની જમાઅતના ઈબ્રાહિમભાઈ મનિયાર, આ.રઉફ ભાઈ મનિયાર, ડૉ.ઉમર હકીમ અને કાસીમ હકીમચીચીવાલા અને રાશિદ કાગઝી હાજર રહ્યાં હતા.

સતત ૫૦ વર્ષથી દેશહિત અને મુસ્લિમ સમાજના પ્રશ્નોની બેધડક રજુઆત કરતું નિડર સાપ્તાહિક

ઉમ્મીદ

امید هفت روزه

Ummeed WEEKLY

ગુજરાત પબ્લિકેશન સોસાયટીનું પ્રકાશન સાપ્તાહિક

www.ummeednews.com • www.youtube.com/@ummeedweekly • વર્ષ : ૫૧ • અંક : ૪૩ • ૧૨ શાબાન ૧૪૪૫ હિ. • ૨૩ ફેબ્રુઆરી ૨૦૨૪ ઈસ્વી.

Register with RNI, Under No. 20590/73 Postal Regn. No. E2/SRT-103/2024-2026, Licenced to post of Postage. Valid up to : 31-12-2026 Posted at Surat. RMS/2 on : 22-02-2024

## સોદાગરવાડની સદી જુની ધી કમર ફ્રી લાયબ્રેરી નવિનીકરણ બાદ ખુલ્લી મુકાઇ

# સમાજના વિકાસ માટે સમૃદ્ધ લાયબ્રેરી જરૂરી : ડૉ. ફારૂક પટેલ

### સુરત પટની સુન્નત જમાઅત અને કે.પી. હ્યુમન ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસથી દુર્લભ સેંકડો પુસ્તકોને નવજીવન મળ્યું

### કેપી કોમર્સના ભૂતપૂર્વ પ્રોફેસર સુર્યકાન્ત શાહે બંધારણીય મૂલ્યોને સાચવવા ઉર્દુમાં બંધારણની પ્રતો મુકવા સુચન આપ્યું

ઉમ્મીદ ન્યૂઝ ડેસ્ક

સુરતના ઐતિહાસિક સોદાગરવાડ ખાતે 11મી ફેબ્રુઆરી રવિવારના દિવસે એક સદી જુની લાયબ્રેરી ધ કમર ફ્રી લાયબ્રેરીના લોકાર્પણ-ઈફતેતાહનો કાર્યક્રમ યોજાયો હતો. સુરત સુન્ની પટની જમાઅત દ્વારા સંચાલિત આ લાયબ્રેરીનો જિર્ણોદ્ધાર અગ્રણી સંસ્થા કેપી હ્યુમન ફાઉન્ડેશનના સહયોગથી કરવામાં આવ્યું છે. ઉર્દૂ, ગુજરાતી,અંગ્રેજી સાહિત્ય, ઈતિહાસ, આર્થિક બાબતો અને દીની-દુન્યવી પુસ્તકોનો એક મોટો ભંડાર આ લાયબ્રેરીમાં છે. લાલમહેલના નામથી જાણીતી આ ઈમારતમાં કમર ફ્રી લાયબ્રેરી છે. પરંતુ ઘણાં લાંબા સમયથી આ લાલમહેલની ઈમારત જર્જરિત થઈ ગઈ હોવાના કારણે લાયબ્રેરીને બંધ કરી દેવી પડી હતી. સુરત સુન્ની પટની જમાઅતના જાગૃત હોદ્દેદારો અને સમાજ સેવામાં અગ્રણી કેપી ફાઉન્ડેશને ફરીથી લાયબ્રેરીને જીવિત કરવા બીડું ઝડપ્યું અને તેનું પરિણામ એ આવ્યું કે લાલમહેલની આ ઐતિહાસિક ઈમારત સાથે લાયબ્રેરીને પણ જીવતદાન મળ્યું. આ લાયબ્રેરીમાં શહેરની 75 વર્ષ પુરાણી જમાલિયા લાયબ્રેરીને પણ કમર ફ્રી લાયબ્રેરીમાં ભેળવી દેવામાં આવી. આ તબક્કે લાયબ્રેરી પરિસરમાં જ એક સુંદર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેપી.હ્યુમન ફાઉન્ડેશનના સ્થાપક ડો.ફારૂક પટેલે લાયબ્રેરીના મહત્વને સમજાવતા જણાવ્યું હતું કે આજે જે દેશો વિકસિત દેશો ગણાય છે તે પુસ્તકોને ખુબ જ મહત્વ આપે છે. જેમાં તેમણે અમેરિકાની લાયબ્રેરી ઓફ કોંગ્રેસ અને ઈંગ્લેન્ડની લાયબ્રેરીનું ઉદાહરણ આપ્યું હતું કે ત્યાં કરોડો પુસ્તકો છે. આ સમૃદ્ધ લાયબ્રેરીનો સંબંધ સમાજ અને દેશના વિકાસ સાથે જોડાયેલો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભૂતકાળમાં ભારતમાં જ આપણાં બુઝુર્ગોએ એવા ઉદાહરણો સ્થાપિત કર્યા કે જેમાં તેમના ખાનગી પુસ્તકાલયમાં લાખો પુસ્તકો હતાં. જેમાં તેમણે બિહારના ખાનસાહેબની લાયબ્રેરીનો ઉલ્લેખ કર્યો હતો જેને પાછળથી બિહાર સરકારે હસ્તગત કરી તેનો વધુ વિકાસ કર્યો. આ તબક્કે કે.પી.કોમર્સ કોલેજના ભૂતપૂર્વ પ્રોફેસર સૂર્યકાંત શાહે ઉર્દૂની મિઠાશની સરાહના સાથે અંગ્રેજી પુસ્તકોના વાંચન પણ ભાર મૂક્યો હતો. સાથે તેમણે બિનસાંપ્રદાયિકતાના મહત્વ પર ચર્ચા કરી હતી. તેમણે કહ્યું કે બિન સાંપ્રદાયિકતા જ ભારતને જોડી રાખશે. કમર ફ્રી લાયબ્રેરીમાં ગુજરાતી અને અંગ્રેજી સાથે ઉર્દૂ ભાષામાં પણ બંધારણની એક નકલ મૂકવી જોઈએ. લોકોએ બંધારણનો અભ્યાસ કરવો જોઈએ.

### આ મહાનુભાવો હાજર રહ્યા

ધી કમર ફ્રી લાયબ્રેરીના લોકાર્પણના આ મુબારક કાર્યક્રમમાં કેપી હ્યુમન ફાઉન્ડેશનના જનાબ ડો.ફારૂક પટેલ સાહબ, જનાબ ઈબ્રાહીમભાઈ મનિયાર સાહબ, ડો. ઉમર હકીમ સાહબ, જનાબ અ.રઉફ મનિયાર સાહબ, જનાબ અ.રબ મનિયાર સાહબ, સીએ ઈરફાનભાઈ મોમ્બાસાવાલા સાહબ, વરિષ્ઠ પત્રકાર જનાબ રાજા શેખ સાહબ, જનાબ રાશિદભાઈ કાગઝી  સાહબ સહિત સુરત પટની જમાઅતના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.